# આખરી હુકમ નામું

અસલ ફરીયાદનું હુકમનામું
(ઓ. ૨૦, મા. – ૬–૭)
ફોર્મ નં. ૧ પરિશષ્ટ, (શેડયુલ – ૧)
આણંદ ના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં મુકામ, આણંદ.

**સ્પે. દિવાની મુ. નંબર.૧૫૯/૨૦૧૪**
**આંક – ૧૨૬**

માનસી ઈન્ફ્રાસ્ટ્રકચરના ભાગીદારોના વ.ક. તરીકે
નિલમ રાહુલ પટેલ.
ઉ.વ....... ધંધો–વેપાર.
રહે. માનસી–૭૨. લાંભવેલ રોડ. લાંભવેલ. ..... **વાદી.**

**–// વિરૂધ્ધ //–**

દિપકકુમાર ચંદ્રકાંત શાહ.
ઉ.વ. ૪૦. ધંધો–વેપાર.
રહે. આશ્લેષા બંગ્લોઝ. બાકરોલ રોડ. આણંદ. ..... **પ્રતિવાદી.**

ફરીયાદ દાખલ કર્યાની તારીખ ૦૧ મી ઓગસ્ટ, ૨૦૧૪
ફરીયાદ ફેસલ કર્યાની તારીખ ૨૦ મી એપ્રિલ, ૨૦૨૧

**બાબત – દાવો રૂા. ૫૦,૦૧,૦૦૦/– ના આંક થી.**

વાદી તરફે વકિલ શ્રી એન. કે. પટેલ.
પ્રતિવાદી તરફે વકિલ શ્રી આર. ટી. શાહ.

વાદીના દાવાની ટુકમાં હકિકત એવી છે કે,

મોજે ગામ લાંભવેલના રેવન્યું સર્વે નં. ૪૯૧–૬૨૦ ની મિલકત આવેલ છે. જે મિલકતમાં વાદીએ જરૂરી પરવાનગીઓ લઈ, 'માનસી–૭૨' ના નામથી બંગ્લોઝ બનાવેલ છે. આ સ્કીમના પ્લોટો પૈકી એ/૮, કે જેનો પાસીંગ મુજબનો સબ પ્લોટ નં.

૪/બી. વાદી પાસેથી ખરીદવા માટે સંપર્ક કરેલ. સદર પ્લોટના ખૂંટ નીચે મુજબ છે.

પુર્વે – સર્વે નં. ૪૯૩ પૈકીની મિલકત આવેલ છે.

પશ્ચિમે – ઇન્ટરનલ રોડ આવેલ છે.

ઉત્તરે – મકાન નં. ૫/એ આવેલ છે.

દક્ષિણે – મકાન નં. ૪/એ આવેલ છે.

ઉપરોક્ત ખૂંટ ચાર વચ્ચે આવેલ મિલકત પ્રતિવાદીએ વાદી પાસેથી ખરીદવા માટે કાર્યવાહીઓ કરેલ. પ્રતિવાદીએ વાદીને જણાવેલ કે તેઓ આ મીલકતની વેચાણ કિંમત સામે રૂ. ૫૦,૦૦,૦૦૦/- નો ચેક આપશે અને વાદીએ પ્રતિવાદીની તરફેણમાં દસ્તાવેજ કરી આપવાનો અને ચેકની રકમ મળી ગયેથી વાદીએ પ્રતિવાદીને મિલકતનો કબજો સોંપવાનો હતો. વાદીએ પ્રતિવાદીના શબ્દોમાં વિશ્વાસ રાખી પ્રતિવાદીને તા. ૦૩/૦૧/૨૦૧૨ ના રોજ સદર મિલકતનો દસ્તાવેજ કરી આપેલ અને પ્રતિવાદીએ વાદીને અવેજની રકમ સામે એકસીસ બેંક, આણંદનો ચેક નં. ૨૨૯૧૮૮, નો રૂ. ૫૦,૦૦,૦૦૦/- નો આપેલ. આ સમયે મકાનનું બાંધકામ પુરૂં થયેલ નહોતું. દસ્તાવેજ સમયે પ્રતિવાદીએ વાદીને આપેલ ચેક અંગે ઘણો સમય જવા છતાં પ્રતિવાદીએ નાણાં ચૂકવવા બાબતે કોઇ કાર્યવાહી નહી કરતાં, વાદીએ પ્રતિવાદી પાસે સદર ચેકના નાણાંની માંગણી કરતાં પ્રતિવાદીએ જણાવેલ કે તેઓ નાણાં ચૂકવી દઇ, સદર મિલકતનો કબજો લેશે ત્યાં સુધી મિલકતના દસ્તાવેજનો કે કબજાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સદર મિલકતનો કબજો ભોગવટો વાદી પાસે હોઇ, વાદીએ પ્રતિવાદીના શબ્દોમાં વિશ્વાસ રાખી, કોઇ કાર્યવાહી કરેલ નહીં. પરંતુ પ્રતિવાદીએ નાણાં ચૂકવવા માટે કોઇ પ્રયત્ન કરેલ નહીં. આમ, વાદીએ પ્રતિવાદીને કરી આપેલ

દસ્તાવેજ બિન અવેજનો બની ગયેલ છે અને સદર દસ્તાવેજ માત્ર કાગળ ઉપર જ રહેલ હોઇ null & void બની ગયેલ છે.

પ્રતિવાદીએ વાદીને નાણાં નહીં ચૂકવતા વાદીએ પ્રતિવાદીને વેચાણ આપેલ અન્ય મિલકતો પણ આવી જ રીતે બીન અવેજની હોઇ, પ્રતિવાદીએ વાદીને નાણાં ચૂકવવા પ્રયત્નના ભાગરૂપે તા. ૧૭/૦૯/૨૦૧૩ ના રોજ લખાણ કરી આપી. તા. ૩૦/૧૧/૨૦૧૩ સુધીમાં નામાં ચૂકવી આપશે તેવું લખાણ આપતાં. વાદીએ સમાધાનના ભાગરૂપે પ્રતિવાદીની વાતમાં વિશ્વાસ રાખી ફરીથી સમય આપેલો. આ સમય મર્યાદાને પૂરી થઇ ગયે સાત મહીના કરતાં વધુ સમય વિતી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ વાદીને કોઈપણ નાણાં ચૂકવેલ નથી. વળી, પ્રતિવાદીએ બેંકો સાથે છેતરપિંડી કરી, કરોડો રૂપિયાનું કૌભાંડ કરેલ હોઇ, પ્રતિવાદી હાલ કાયદાકીય પ્રક્રિયાઓથી બચવા માટે ભાગતા ફરે છે. વાદીએ પ્રતિવાદીને ક્યારેય મિલકતનો કબજો સોંપેલ નથી. પ્રતિવાદીને વાદીએ કરી આપેલ દસ્તાવેજ સામે પ્રતિવાદીએ કોઇ અવેજ ચૂકવેલ ન હોઈ તથા દસ્તાવેજ પ્રમાણેની કોઇ પ્રક્રીયા કરેલ ન હોઇ. સદર દસ્તાવેજ માત્ર કાગળો ઉપર રહેલ હોઈ સદર દસ્તાવેજ null & void ઠરાવવા માટે આ દાવો કરવાની જરૂર પડી છે તેમ જણાવી એવી દાદની માંગણી કરેલી છે કે, મોજે ગામ લાંભવેલના સર્વે નં. ૪૯૧–૬૨૦ ની મિલકત આવેલ છે. જે મિલકતમાં વાદીએ જરૂરી પરવાનગીઓ લઇ, 'માનસી–૭૨' ના નામથી બંગ્લોઝ બનાવેલ છે. આ સ્કીમના પ્લોટો પૈકી એ/૮, કે જેનો પાસીંગ મુજબનો સબ પ્લોટ નં. ૪/બી. નો વાદીએ પ્રતિવાદીને તા. ૦૩/૦૧/૨૦૧૨ ના રોજ દસ્તાવેજ નં. ૪૬ થી કરેલ વેચાણ દસ્તાવેજના નાણાં પ્રતિવાદીએ ચૂકવેલ ન હોઈ, સદર દસ્તાવેજ બિન અવેજનો હોઇ,

null & void છે તેવું ઠરાવતું હુકમનામું વાદીની તરફેણમાં કરી આપો તથા પેરા નં. અ માં જણાવેલ મિલકતનો કબજો ભોગવટો વાદી પાસે હોઈ અને દસ્તાવેજ સમયે પ્રતિવાદીએ નાણાં ચૂકવેલ ન હોઈ તેમજ દસ્તાવેજ બિન અવેજનો હોઈ પ્રતિવાદી તેમના માણસો–નોકરો–એજન્ટો સદર મિલકતનો કબજો ભોગવટો વાદીથી લે–લેવડાવે નહીં કે વાદીના સદર મિલકતના કબજા ભોગવટામાં હેલો–હરકત–અંતરાય–દખલ થાય તેવું કોઈપણ પ્રકારનું અપકૃત્ય કરે–કરાવે નહીં તેવો પ્રતિવાદીને મનાઇ હુકમ આપો તથા આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવો તથા નામદાર કોર્ટને બીજી યોગ્ય અને વાજબી લાગે તેવી દાદ અપાવો.

**– /:/ હુકમ /:/ –**

1. વાદીનો દાવો નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.
2. વાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો અને પ્રતિવાદીના દાવાનો ખર્ચ પણ વાદીએ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ ૨૦/૦૪/૨૦૨૧
આણંદ.

**સહી/–**
(જયોતિબેન રઘુવીસિંહ ડોડીયા)
જી. જે. ૦૦૬૩૭
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
આણંદ.

આ ફરીયાદ ના ખર્ચ માટે રૂપિયા ................../- ની રકમ આજની તારીખ થી તે વસુલ થયા ની તારીખ સુધી દર વર્ષ દર સેકન્ડે .......... ટકા વ્યાજ શુધ્ધાંએ વાદી ને આપવી.

ખર્ચનો આંકડો

| વાદીને થયેલો | રૂપિયા. પૈસા | પ્રતિવાદીને થયેલો | રૂપિયા .પૈસા |
|---|---|---|---|
| **(૧) ફરીયાદ અરજી નો સ્ટેમ્પ** | ૫૧૪૫૦ | **(૧) ફરીયાદ અરજી નો સ્ટેમ્પ** | |
| **(૨) મુખત્યાર નામાનો સ્ટેમ્પ** | ૪૦ | **(૨)મુખત્યાર નામાનો સ્ટેમ્પ** | ૪૦ |
| **(૩) રજુ કરેલ કાગળોનો સ્ટેમ્પ** | ૯૪ | **(૩) રજુ કરેલ કાગળોનો સ્ટેમ્પ** | ૫૭ |
| **(૪) શાક્ષીઓની ખોરાકી** | | **(૪) શાક્ષીઓની ખોરાકી** | |
| **(૫) ફરિયાદમાના દાવા ઉપર પ્લીડર ફી.** | ૧૯૯૫ | **(૫) ફરિયાદમાના દાવા ઉપર પ્લીડર ફી.** | ૧૯૯૫ |
| **(૬) પ્રોસેસ બજવણી ફી** | ૧૯ | **(૬) પ્રોસેસ બજવણી ફી** | |
| **(૭) કમીશનર ફી** | | **(૭) કમીશનર ફી** | |
| **(૮) તરજુમાની ફી** | | **(૮) તરજુમાની ફી** | |
| **(૯) નકલ ફી** | | **(૯) નકલ ફી** | |
| **(૧૦) મુલત્વી આપવા બદલ આપેલ** | | **(૧૦) મુલત્વી આપવા બદલ આપેલ** | |
| **(૧૧) વારસોને દાખલ કરવા બાબત ની અરજી નો સ્ટેમ્પ** | | | |
| **કુલ** | **૫૩૫૯૮** | **કુલ** | **૨૦૯૨** |
| **નહિ આપેલ ખર્ચ** | **0:00** | **નહિ આપેલ ખર્ચ** | |
| **ફરીયાદ અરજી ઉપર** | **0:00** | **ફરીયાદ અરજી ઉપર** | **0:00** |
| **પ્લીડર ફી** | **0:00** | **પ્લીડર ફી** | **0:00** |
| **પ્રોસેસ ઉપર** | **0:00** | **પ્રોસેસ ઉપર** | **0:00** |
| **રજુ કરેલ કાગળો ઉપર** | **0:00** | **રજુ કરેલ કાગળો ઉપર** | **0:00** |
| **બાકી** | **0:00** | **બાકી** | **0:00** |

આજ ૨૬ તારીખ એપ્રિલ માહે સને ૨૦૨૧ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યા.

(જી. જી. વાઘેલા)
જુનીયર કલાર્ક

(ટી. સી. સોની)
રજીસ્ટાર

(જે. આર. ડોડીયા)
જી. જે. ૦૦૬૩૭
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, આણંદ.